# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

--------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MODI JAMNAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે આવશે. સાંજે સૌપ્રથમ તેઓ જામનગર પહોંચશે, જ્યાં લાલ બંગલા સર્કલ ખાતે શ્રી મોદી વિશાળ જન અભિવાદન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. પ્રધાનમંત્રીના આગમન પહેલા સમગ્ર શહેરને રોશનીનો ભવ્ય શણગાર કરાયો છે.

વાયુસેના મથકથી લઈ લાલ બંગલા સર્કલ સુધીના તમામ માર્ગ પર ઝળહળતી રોશની કરવામાં આવી છે. દરબારગઢ, ડી.કે.વી. કૉલેજ, બેડી નાકુ, પવનચક્કી, અન્નપૂર્ણા સર્કલ તથા મહાકાળી સર્કલ ખાતે વિશેષ લાઈટિંગ અને અવનવી રોશનીથી દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. આ અંગે એક સ્થાનિકનો પ્રતિભાવ સાંભળીએ.

**(BYTE: LOCAL PERSON, JAMNAGAR)**

# SOMNATH AMRUT PARVA

ઐતિહાસિક સોમનાથ મંદિર આધ્યાત્મિક પ્રવાસનના વૈશ્વિક કેન્દ્ર તરીકે પોતાની યાત્રાના 75 વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે "સોમનાથ અમૃત પર્વ" નિમિત્તે ઉપસ્થિત રહેશે. આ મહોત્સવને લઈ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી મોદીના નેતૃત્વમાં સોમનાથ મંદિર વર્તમાન સમયમાં પોતાના સુવર્ણ યુગમાં છે. ધાર્મિક મહત્વ સિવાય સોમનાથ મંદિર પર્યાવરણીય સંરક્ષણમાં અગ્રણી સ્તરે ઉભરી રહ્યું છે. તેનું લક્ષ્ય દેશના પહેલા શૂન્ય ઉત્સર્જનવાળું મંદિર તરીકે સ્થાપિત કરવાનો છે.

(VOICEACAST: APARNA KHUNT)

# SOMNATH AMRIT PARV

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરના પ્રાંગણમાં હાલ ખુશીનો માહોલ જોવા મળ્યો છે. સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં શરૂ થયેલા "સોમનાથ અમૃતપર્વ"ના ઉત્સવના પગલે શિવભૂમિ પર ચોમેર ઉમંગ ફેલાયો છે.

સોમનાથના ઈતિહાસમાં પ્રથમ વખત પુનઃનિર્મિત સોમનાથ મંદિરના શિખર પર 11 તીર્થોના જળથી કુંભાભિષેક કરવામાં આવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આવતીકાલે ધ્વજ પૂજા અને મહા પૂજા પણ કરાશે.

**(VOICECAST: MAYUR SOLANKI)**

# VALSAD TRANSPORT CITY

વલસાડના વાપી શહેરમાં દમણગંગા નદી નજીક 18 એકરમાં પરિવહન નગર તૈયાર કરાશે. પાંચ હજાર મોટા વાહન પાર્ક થઈ શકે તેવી તેની ક્ષમતા હશે. વાપી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – G.I.D.C. દ્વારા આ માટે જમીનની ફાળવણી કરવામાં આવી છે.

આ અંગે નાણામંત્રી કનુ દેસાઈએ કહ્યું, આ નગર તૈયાર થતાં વાપીમાં પરિવહન નગરનો પ્રશ્ન કાયમી રીતે ઉકેલાઈ જશે અને તેનાથી વાપીના ઉદ્યોગો અને પરિવાહકોને લાભ થશે. આ નગરનું નિર્માણકાર્યનો ઝડપથી પ્રારંભ થશે.

# CREATOR AWARD, JUNAGADH

જુનાગઢના સાસણ ખાતે આંતરરાષ્ટ્રીય સર્જનાત્મક પુરસ્કાર સમારોહ યોજાયો. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા તથા કૃષિ મંત્રી જીતુ વાઘાણીના હસ્તે રંગમંચભૂમિના તેમજ ડિજિટલ સર્જકો, સંગીત અને તેમજ સિનેમા ક્ષેત્રના સર્જકોને 24 જેટલા પુરસ્કાર અપાયા.

# WEATHER FORECAST

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી 14 તારીખ સુધી કેટલાક જિલ્લામાં હિટવેવ એટલે કે, ઉષ્ણ લહેરની ચેતવણી જાહેર કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, કચ્છ, પોરબંદર, રાજકોટ, ગીરસોમનાથ, અમરેલી, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, વડોદરા અને સુરતમાં આજે હિટવેવની સંભાવના છે.

દરમિયાન રાજ્યમાં આજે સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કંડલા વિમાનમથક અને રાજકોટમાં નોંધાયું. જ્યારે અમદાવાદ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર અને વડોદરામાં 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યાના અહેવાલ છે.